અપીલ અરજી નં.૧૬૯ તા.૧–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નિતીન સી. પટેલ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિતીન સી. પટેલની તા.૨૭–૭–૦૯ ની અરજીથી યુઝટેબલઝોન ૧,૨,૩ મુજબ રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીન નાંખી કારખાના ચાલુ ન કરી શકે તો પછી ૪/૩૦૭ વાળી મિલકતના માલીકે અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા કારખાના ચાલુ કરવામાં આવેલ જે કારખાના બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ના કયા વિભાગની આવે છે. તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૬૯/૨૦૦૯–૧૦

શ્રી નિતીન સી. પટેલની તા.૨૭–૭–૦૯ ની અરજીથી યુઝટેબલઝોન ૧,૨,૩ મુજબ રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીન નાંખી કારખાના ચાલુ ન કરી શકે તો પછી ૪/૩૦૭ વાળી મિલકતના માલીકે અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા કારખાના ચાલુ કરવામાં આવેલ જે કારખાના બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ના કયા વિભાગની આવે છે. તે અંગે માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૬૬૪ તા.૨૪–૮–૦૯ થી મળેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૯ તા.૮–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૨૮ તા.૧૮–૯–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૬૪ તા.૨૪–૮–૦૯ ની નકલ તથા નોંધ વિભાગની વિગતો મળેલ છે.

અરજદારની તા.૨૭–૭–૦૯ ની અરજીથી યુઝટેબલઝોન ૧,૨,૩ મુજબ રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીન નાંખી કારખાના ચાલુ ન કરી શકે તો પછી ૪/૩૦૭ વાળી મિલ્કતના માલીકે અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા કારખાના ચાલુ કરવામાં આવેલ જે કારખાના બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ના કયા વિભાગની આવે છે. તે અંગે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૬૪ તા.૨૪–૮–૦૯ થી " વોર્ડ નં.૪/૩૦૭ વાળી મિલ્કતે ચાલતાં જરીના મશીનો બાબતે જણાવવાનું કે જરી ઉદ્યોગને ભારત સરકારે ગૃહ ઉદ્યોગ/હેન્ડી ક્રાફટ તરીકે વર્ગીકૃત કરેલ હોય, તેને બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેતી નથી તેમ છતાં સરકારશ્રી તરફથી આ બાબતે કોઈ નિતી વિષયક નિર્ણય લેવામાં આવશે તો તે મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે." તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૧–૯–૦૯ ના રોજ અપીલ અરજીમાં મુદ્દા નં.૧ માહિતીનો જવાબ સાચો તેમજ સંતોષકારક નથી. મુદ્દા નં.૨ કારખાના બંધ કરાવવાની અમારી જવાબદારીમાં આવતું ન હોય તેવું જણાવેલ છે તે તદ્દન ખોટું છે. મુદ્દા નં.૩ ગુમાસ્તા વિભાગમાં ફકત નોંધણી જ કરવામાં આવે છે. કારખાના ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી. તેમ છતાં ગેરકાયદેસર કારખાના ચાલે છે. જે બંધ કરાવવાની જવાબદારી કમિશ્નરની આવે છે. મુદ્દા નં.૪ કારખાના બંધ કરાવવાની જવાબદારી સુમપાના કયા વિભાગની આવે છે જે માહિતી આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૫ જરી ગૃહઉદ્યોગ હોય એટલે કોઈ પણ નાગરીક રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ તેમજ ધ્રુજારી આવે તેવા મશીન નાંખી આજુ બાજુના રહેવાસીને હેરાન કરી શકે ખરા? એમ જણાવવામાં આવેલ.

અરજી તથા અપીલના સમાન વિષય વસ્તુ ધરાવતી અગાઉ અરજદાર શ્રી હેમંત દેસાઈની નામદાર માહિતી આયોગ ગુજરાત રાજય સમક્ષ અપીલ નં. ૪૯૭/૦૭–૦૮ તા.૧૬–૬–૦૯ માં જરી ઈન્ડસ્ટ્રીઝના તીવ્ર વાસવાળા કેમીકલ્સની બેગમપુરા વિગેરે વિસ્તારમાં પ્રદુષણ થવા બાબતે જવાબદાર સત્તા મંડળ નકકી કરવા વન અને પર્યાવરણ વિભાગને સૂચન કરેલ. જેના અનુસંધાને વન અને પર્યારણ વિભાગ ગાંધીનગરના તા.૨૮–૭–૦૯ ના પત્રથી આ બાબતે સુરત મહાનગરપાલિકાની જવાબદારી નકકી કરેલ છે અને આયોગ ધ્વારા આપેલ ચુકાદા મુજબ આ બાબત નકકી કરવા સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગને સંદર્ભ મળેલ જેમાં વન અને પર્યાવરણ વિભાગના પત્ર નં.ઈએનવી–૧ ૦૨૦૦૯–૧૦૨૭–ઈ તા.૨૮–૭–૦૯ થી સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગે આ બાબતે સુરત મહાનગરપાલિકાની જવાબદારી નકકી કરેલ છે.

ત્યાર બાદ અરજદારશ્રી હેમંત દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી મિલ્કત નં.૪/૩૬૦ બાબતે અવાજ તેમજ ધ્રુજારી મારે તેવા મશીનો બાબતે જવાબદારી અંગેની માહિતી અંગે ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગત, નામદાર આયોગ અને વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના સંદર્ભ અને પૂર્વ નિર્ણય વાદના સિધ્ધાંતોને

અનુલક્ષી પ્રશ્ન હેઠળની મિલ્કત અંગે કારખાના બંધ કરવાની જવાબદારી કોની તે અંગેની રેકર્ડ આધારિત માહિતી અરજદારને દિન–૭ માં વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા અત્રેના પ્રથમ અપીલ હુકમ નં.આરટીઆઈ સેલ/૫૪૫ તા.૨૭–૮–૦૯ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન અને શહેર વિકાસ અધિકારીને જણાવવામાં આવેલ.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે નામદાર આયોગના સરખા વિષય વસ્તુ ધરાવતી અપીલના ચુકાદાને અનુલક્ષી પૂર્ણ નિર્ણય વાદના સિધ્ધાંત અનુસાર પ્રસ્તુત કિસ્સામાં સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના નિર્દિષ્ટ પત્ર અન્વયે દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશનર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિતીન સી. પટેલ,